વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ

હેમેન્દ્ર ભટ્ટ
(૧૯૧૨) ફોન: ૨૩૨ ૩૦૧૩૫

પુષ્પાબેન ચંદુલાલ પટેલ
(૧૯૪૫) ફોન: ૨૩૨ ૪૫૭૫૯

અમદાવાદમાં મહિલાઓ પર થયેલા લાઠીચાર્જ અંગે મુખ્યમંત્રી માફી માગે: કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૨૭

અમદાવાદમાં ગુજરાત હાઉસીંગ બોર્ડની કચેરીએ ફોર્મ મેળવવા આવેલ મહિલાઓ પર થયેલા લાઠીચાર્જ અંગે ગુજરાતના મુખ્યમંત્રી માફી માંગે તેવી માંગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી છે.

વિપક્ષના નેતા શક્તિસિંહ ગોહીલે રાજ્ય સરકાર પર પ્રહાર કરતાં જણાવ્યું હતું કે, ૧૨ વર્ષ સુધી ભાજપની સરકારે કોઈ પણ આમ ગુજરાતી માટે ઘર આપવા માટેની વિચારણા કરી નહી અને જ્યારે કોંગ્રેસ પક્ષ તરફથી લોકોની શ્રદ્ધા વધી ત્યારે ૧૨ વર્ષ પછી અચાનક લોકોની ફૂર મશ્કરી કરવી હોય તે રીતે હાઉસીંગ બોર્ડને પુનઃ જીવિત કરવાની વાત કરીને આજે અમદાવાદ ખાતે હાઉસિંગ બોર્ડની કચેરી પર મહિલાઓને ફોર્મ આપવાના છે એમ કહીને સરકારે મહિલાઓની ફૂર મશ્કરી કરી છે. અમદાવાદ ખાતેની બોર્ડની કચેરી પર ફોર્મ લેવા ગયેલી મહિલાઓ પર પુરૂષ પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો છે. જેમાં અનેક મહિલાઓ ઘાયલ થઈ છે.

સમગ્ર ગુજરાતમાં બહેનોને સન્માન સાથે ફોર્મ પહોંચાડવાની વ્યવસ્થા કોંગ્રેસ દ્વારા કરાઈ હતી પરંતુ અહી સરકાર હોવા છતાં ગુજરાતના મુખ્યમંત્રીએ એક નાટકના ભાગરૂપે જે વ્યવસ્થા ગોઠવી અને મહિલાઓ ઉપર અત્યાચાર કરવામાં આવ્યો છે તેને કોંગ્રેસ સખત શબ્દોમાં વખોડી કાઢે છે.

નાંદોલીમાં યુવાને હેર કટીંગની દુકાનમાં લોશન ગટગટાવી લીધુ

કલોલ, તા.૨૭

અમદાવાદના થલતેજ વિસ્તારમાં રહેતો ૨૫ વર્ષીય યુવાન હિતેશ ભવાનભાઈ કલોલ તાલુકાના નાંદોલી ગામમાં પોતાની હેર કટીંગની દુકાન ધરાવે છે. ગઈ કાલે બપોરના અરસામાં દુકાને એકલો હતો તે દરમિયાન હિતેશે કોઈ અગમ્ય કારણોસર લોશનની બોટલ હાથમાં લઈને ગટગટાવી લેતા ચક્કાર મચી જવા પામી હતી. હિતેશે ૫૦ મીલી જેટલુંલોશન પી લેતા તેની હાલત ગંભીર થઈ જવા પામી હતી. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવીને તેને અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ લઈ જઈ સારવાર શરુ કરવામાં આવી હતી. યુવાને કયા કારણોસર આપઘાતનો પ્રયાસ કર્યો તે હજુ સુધી પોલીસને જાણવા મળ્યું નથી.

બધા ગપગોળાનો જવાબ ભાજપને ડિસેમ્બરમાં મળી જશે : કેશુભાઈ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાતના મુખ્યમંત્રીના દરરોજ એક પછી એક નવા જુઠાણાના કારણે હાસ્યસ્પદ બની ગયા છે અને ક્રેડીબીલીટી ખોઈ બેઠા છે એમ કેશુભાઈ પટેલે તેમના બ્લોગમાં જણાવ્યું છે.

ગુજરાત પરિવર્તન પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ કેશુભાઈ પટેલે પોતાના બ્લોગમાં જણાવ્યું છે કે પ્રજા મુખ્યમંત્રીને જુઠાના સરદાર સમજે છે પણ તેમના વાણી વર્તનમાં કોઈ સુધારો થાય તેમ લાગતું નથી. હજુ પણ ઘડ-માથા વગરની વાતો અને ગપ્પાબાજી કરીને પ્રજાને છેતરવાની આદત ચાલુ જ છે.

કેશુબાપાએ જણાવ્યું છે કે થોડા દિવસ પહેલા તેમણે નિવેદન કર્યું કે કેન્દ્ર નર્મદા ડેમ પર ગેટ લગાવવાની પરવાનગી નથી આપતું તેથી પાણીની મુશ્કેલી વિકટ બની છે. ભલા માણસ તમે નર્મદાની નહેરો સમયસર પૂરી કરી શક્યા નથી તેથી આ બધી મુશ્કેલી છે તેનો સ્વીકાર કરોને !

તેમણે જણાવ્યું છે કે જેટલું પાણી અત્યારે ડેમમાં ભરાયેલું છે તે કેનાલમાં તમે વાળી શકો છો ખરા ? કેનાલ નેટવર્ક પુરૂ નહિ થવાથી લાખો ખેડૂતો પાણી વગર તરફડે છે. પશુઓ ઘાસ વગર રઝળે છે. પીવાના પાણીની અભૂતપૂર્વ તંગી સર્જાઈ છે જ્યારે નર્મદાનું પાણી સમુદ્રમાં વહી જાય છે.

આવી જ બીજી વાત રેલવેના પાટાની બાજુમાં ઘાસ ઉગાડવા વિશે કરી છે. શું તેમનો વિચાર કચ્છમાં મોટાપાયે ગાયોની હત્યા કરાવવાનો છે ? રેલવેના પાટાની આસપાસ શું ગાયો સલામત રહેશે ? વળી કચ્છમાં રેલવે લાઈનની આસપાસ કઈ પાઈપલાઈન કે નહેર છે કે ત્યાં ઘાસ ઉગી જાય ? મોદી પ્રજાને તો અભણ જ માને છે તેમને એમ છે કે પ્રજા ક્યાં સત્ય ચકાસવા જવાની છે આપણે ગપગોળા છોડો ને ? પરંતુ ગુજરાતની પ્રજા શાણી છે બધા ગપગોળાનો જવાબ ભાજપને ડિસેમ્બરમાં મળી જશે એમ કેશુભાઈએ તેમના બ્લોગમાં જણાવ્યું છે.

મહેસાણા ડેપોને ખોટ કરાવતા શટલીયા વાહન ચાલકો

હપ્તાના હિસાબે પોલીસ મૂક પ્રેક્ષક બનીને ઉભી રહે છે

ઊંઝા, તા.૨૭

ખોટનો સામનો કરી રહેલ એસ.ટી. નિગમની આવકમાં વધારો થાય તે હેતુથી અગાઉ નામદાર વડી અદાલતે એસ.ટી. બસ સ્ટેશનો અને સ્ટેન્ડોની આસપાસના વિસ્તારને નો પાર્કિંગ ઝોન તરીકે જાહેર કરી તેનો કડક અમલ કરવા સંબંધિત તંત્રને છેલ્લા કેટલાક વર્ષોથી આદેશ આપેલ છે તેમ છતાં કથિત હપ્તાના પ્રતાપે પોલીસતંત્ર દ્વારા નો પાર્કિંગ ઝોનનો અસરકારક અમલ ન થતાં એસ.ટી. બસોની સમાંતર ખાનગી વાહનો અમર્યાદિત મુસાફરો ભરીને બેરોકટોક દોડી રહ્યા છે.

મહેસાણા જિલ્લામાં અગાઉ તત્કાલિન વિભાગીય નિયામક સોહમ દેસાઈના માર્ગદર્શન હેઠળ એસ.ટી.ના માન્ય યુનિયનોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા વિચારણા કરી નો પાર્કિંગ ઝોનનો ચુસ્ત રીતે અમલ થાય અને એસ.ટી.ની આવક વધે તે માટે એક કમિટિની રચના કરવામાં આવી હતી. તેમજ વિભાગના જુદા જુદા કેન્દ્રોના ડેપો મેનેજરો અને સ્ટેન્ડ અધિકારીઓની કેરટેકર અધિકારી તરીકે નિયુક્તિ કરી નો પાર્કિંગ ઝોનના અમલ અંગે કાર્યવાહી શરુ કરી હતી.

પરંતુ કહે છે કે પોલીસ તંત્ર તરફથી પૂરતો સહકાર મળ્યો ન હતો. દરમિયાન પાછળથી નો પાર્કિંગ ઝોનના અમલમાં તંત્રોની લાપરવાહી વધી જતાં આજે એસ.ટી. બસ સ્ટેશનો અને સ્ટેન્ડોની આસપાસ નો પાર્કિંગ ઝોનનો ખાસ કોઈ જ અસરકારક અમલ થતો નથી. અને કથિત હપ્તાખોરીના કારણે પોલીસને મોટી આવક થતી હોઈ ખાનગી વાહનોમાં અમર્યાદિત રીતે મુસાફરો ભરીને એકબીજા સ્થળે હેરાફેરી થઈ રહી છે. આવી સ્થિતિના લીધે નો પાર્કિંગ ઝોનનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહેલ છે.

એસ.ટી. સાથે સંકળાયેલ અધિકારીઓ કર્મચારીઓનું માનવું છે કે, ગેરકાયદે મુસાફરોની હેરાફેરી કરતા ખાનગી વાહનોના માલિકો તરફથી ટ્રાફિક પોલીસ તેમજ જે તે પોલીસ મથકોના અધિકારીઓ કર્મચારીઓને દર મહિને નિયત થયેલ ચોકકસ રકમ કથિત હપ્તા પેટે મળે છે. એટલે પોલીસ તરફથી નો પાર્કિંગ ઝોનનો અસરકારક અમલ થતો નથી. જિલ્લામાં જુદા જુદા શહેરો, નગરોના બસ સ્ટેશનો, સ્ટેન્ડો પાસેથી કોઈ પણ જાતની રોકટોક વિના ખાનગી વાહનો મુસાફરો ભરીને દોડી રહ્યા છે. આ બધું પોલીસની નજર સમક્ષ ચાલે છે છતાં કથિત હપ્તાના પ્રતાપે સરકાર તેમજ નામદાર અદાલતના આદેશોની ઐસી કી તૈસી થઈ રહી છે.

જાસપુરની ગૃહિણી રસોઈ બનાવતા દાઝી

કલોલ, તા.૨૭

કલોલ તાલુકા વિસ્તારમાં આવેલા જાસપુર ગામની ૪૦ વર્ષીય ગૃહિણી ઉન્નતી વિશ્વાસ ગઈ કાલે બપોરના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવી રહી હતી તે દરમિયાન અચાનક ગરમ દાળનું પાણી પોતાના પગે ઢોળાતા ગંભીર રીતે દાઝી જવા પામી હતી.દાઝી ગયેલી મહિલાને તાત્કાલિક અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થેખસેડવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે મહિલાની તબિયત હાલ સુધારા પર છે. કલોલ તાલુકા પોલીસે જાણવા જોગ અરજીને આધારે આ બનાવ સંદર્ભે તપાસ માટે ચકો ગતિમાન કર્યા છે.

ઓરી વિરોધી રસીકરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં ઈંટવાડા જેવા દુર્ગમ વિસ્તારોમાં રહેતા બાળકોને આવરી લેવા માટે મોબાઈલ ટીમની પણ રચના કરવામાં આવી છે. ડૉ. વૈદ્યે જણાવ્યુ હતુ કે એક વેક્સીનેટર દ્વારા ૨૦૦ બાળકોને જ એક દિવસમાં આપશે. આ રસીકરણ માટેનું ઈન્જેક્શન ડિસ્પોઝેબલ હશે.

પહેલાંપ્રાથમિક શાળાના કેમ્પસ આવરી લેવામાં આવશે. આ પછી આંગણવાડી કેન્દ્રો અને મમતા કેન્દ્રોને આવરી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ માટેનું માઈક્રો પ્લાનીંગ હાલ તેના અંતિમ તબક્કામાં છે. અને આગામી એકાદ-બે દિવસમાં તે આખરી કરી લેવામાં આવશે.

ડૉ. વૈદ્ય અને ડૉ. પંડ્યાએ જણાવ્યું હતુ કે આ રસી બાળકના જમણા હાથના બાવડે આપવામાં આવશે. ઓરી ચેપી રોગ છે. આ રસીને કારણે આ રોગ સામેની પ્રતિકારક-શક્તિમાં વધારો થાય છે.

રાજયના આરોગ્ય વિભાગે પ્રથમ પાંચ જિલ્લામાં આ ઝુંબેશ સંપન્ન કર્યા બાદ હવે ગાંધીનગર સહિતના અન્ય જિલ્લાઓમાં અંગેનું આયોજન હાથ ધરાયું છે. આ માટે લોક-જાગૃતિનું વિશેષ અભિયાન પણ તંત્ર દ્વારા છેડવામાં આવ્યું છે. ઝુંબેશમાં ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના બાળકો ઉપરાંત ચાર નગરપાલિકા વિસ્તારના બાળકોને આવરી લેવામાં આવનાર છે. ગાંધીનગર મહાનગર-પાલિકામાં આ અભિયાન અલગથી હાથ ધરવામાં આવશે.

રિનોવેશન અનિવાર્ય

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મામલે ખાનગી એજન્સીના તજજ્ઞોએ પણ ટાઉનહોલના રીનોવેશન સંદર્ભે અભ્યાસ હાથ ધરી અભિપ્રાય આપવાની તૈયારી દાખવી હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સાઉન્ડપ્રુફ મનાતા ટાઉનહોલમાં અવાજના પડઘા પડતા હોવા સહિતની કેટલીક ક્ષતિઓ સંદર્ભે પણ ફરિયાદ ઉઠવા પામી છે. જો કે તંત્રના સૂત્રોએ હાલ રીનોવેશન સંદર્ભે કોઈ ગતિવિધિયો હાથ ન ધરાઈ હોવાનું જણાવ્યું છે. પરંતુ ટૂંકમાં આ મામલે દરખાસ્ત તૈયાર કરી વિભાગને સુપ્રત કરવાની વિચારણા હોવાનું જણાવ્યું છે.

અહેવાલ મંગાવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસંવાદીતાના લીધે વિવાદાસ્પદ બની છે. વેરો ભરપાઈ કરનારાને અન્ય મહાનગરપાલિકાની જેમ ૧૦ ટકા પ્રોત્સાહન આપવાની નીતિ પણ નથી. પરંતુ ન ભરે તેને ૧૮ ટકા વ્યાજ સાથે દંડનીય પગલા લેવાની વાતનો ઉલ્લેખ કરાયો છે. ભુલોની ભરમાર સમાન આ પ્રક્રિયાને ધ્યાને લઈ મિલ્કત વેરાને સ્થગિત કરવા પણ મહામંડળે માંગ કરી હતી. મહામંડળની રજૂઆત અન્વયે અધિક મુખ્ય સચિવ આઈ.પી. ગૌતમે કોર્પોરેશનને આ કામગીરી સંદર્ભે અહેવાલ સુપ્રત કરવા જણાવ્યું છે.

શબ્દાવલી - ૪૮૨૮



આડી ચાવી

૧. સરસ નશીબવાળુ (૫)
૫. સાર, ભાવાર્થ (૨)
૬. શંકા, પ્રેમ (૨)
૭. તાલીમ લેનાર વિદ્યાર્થી (૪)
૯. વ્હાણ, હોડી (૨)
૧૧. લીંપણ, ઓરડાની ભીંતો પર માટીનો લેપ કરે તે (૨)
૧૨. કઠણ, તેજ (૩)
૧૪. અનાજ ભરવાની કોઠી (૩)
૧૫. માળીને હિન્દીમાં... પણ કહેવાય (૨)
૧૬. બાળવાર્તામાં આવતું પાત્ર (૨)
૧૮. પિયર, માવતર (૪)
૧૯. ફરિયાદ, રાજા (૨)
૨૦. અવિરત, અટકે નહિ તેવું (૩)
૨૧. દરિયો, સમુદ્ર (૪)

ઊભી ચાવી

૧. સુગંધીદાર (૫)
૨. કોલ્ડ સ્ટોરેજ (૩)
૩. કોલ્ડ સ્ટોરેજ (૪)
૪. દેવને આપવા કાઢેલ ભાગ, ભોગ (૨)
૫. નનામી (૨)
૮. શરદ પૂનમ.... પૂનમ (૫)
૧૦. વહાણનું તુતક (૨)
૧૧. બેધ્યાનાવસ્થા (૫)
૧૩. બીક, ભય (૨)
૧૪. ક્રોધ, દેવી-દેવતાનો ક્રોધ (૨)
૧૫. જાણ હોવી, ... ગાર હોવું (૩)
૧૭. લંકેશ, મંદોદરીના પતિ (૩)
૧૮. ખૂબ મોટું તોતિંગ, મોટું (૨)
૧૯. સીતા પતિ (૨)

શબ્દાવલી ૪૮૨૭ના જવાબ

આડી ચાવી :- (૧) વારાફરતી (૩) વાદ્ય (૬) ડીઝલ (૮) ધોકાપાક (૯) પપકોન (૧૧) કાસળ (૧૨) અલિ (૧૩) વાવણી (૧૪) પાષાણ (૧૫) વડ (૧૬) ખતા (૧૭) નખી (૧૯) કાગળ (૨૦) મલી

ઊભી ચાવી :- (૧) વાતોડિયું (૨) રજ (૪) ઘરાક (૫) મકાન (૭) લપસણી (૮) ધોકો (૧૦) પળ (૧૧) કાવડ (૧૨) અણનમ (૧૩) વાવડ (૧૪) પાતાળ (૧૬) ખગ (૧૮) ખીલી

કેન્દ્ર સરકારના
જૂઠ્ઠાણાનો જવાબ

આ રહ્યુ GAS ફાળવણીનું સત્ય

આજની તારીખમાં જે પ્રમાણે **મુંબઈ અને દિલ્હીમાં સસ્તો (APM) ગેસ મળે છે,**
તે ગુજરાતમાં GSPC GASને મળતો નથી.

કેન્દ્ર સરકારની ભેદભાવની નીતિને લીધે **અમદાવાદ તથા ગુજરાતના અન્ય શહેરોમાં**
CNG અને ઘર વપરાશ માટે મોંઘો આયાતી ગેસ આપવામાં આવે છે,
જ્યારે મુંબઈ અને દિલ્હીને સસ્તો ડોમેસ્ટીક ગેસ આપવામાં આવે છે.

ગુજરાતના CNG અને PNG વપરાશકર્તાઓની ઉપેક્ષા કરીને
ઉદ્યોગગૃહોને સસ્તો ગેસ કેન્દ્ર સરકાર દ્વારા બારોબાર આપવામાં આવે છે.

કેન્દ્ર સરકારના આક્ષેપો
સત્યથી તદ્દન વેગળા...

જો કેન્દ્ર સરકાર, દિલ્હી અને મુંબઈના ભાવે
ગુજરાતને ગેસ આપે તો
ગુજરાત સરકાર ગેસનો ભાવ ૩૦% ઘટાડવા કટિબદ્ધ છે.

ગુજરાત સરકાર